
## હરિની દ્રષ્ટિ... - હરિન ભટ્ટ




આપણાં ટાયર ઇન્ડસ્ટ્રીનાં સદસ્યોએ સરકારશ્રીનો આભાર માનવો જોઇએ તેમના ટાયર કીલર ઇન્સ્ટોલેશનથી આપણી ઇન્ડસ્ટ્રીનો ગ્રોથ વધી જશે...!!

# સરગાસણ બ્રિજના છેડા પાસે સ્કુલ બસ ડીવાઈડર કુદી ઝાડ સાથે ટકરાઈ





(તસવીર: શૈલેન્દ્ર સોલંકી)

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર-સરખેજ માર્ગ પર સરગાસણ બ્રિજના છેડા પાસે સવારે સ્કુલ બસ ડીવાઈડર કુદીને ધડાકાભેર ઝાડ સાથે અથડાઈ હતી. બનાવમાં બસના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો. જો કે બસમાં વિદ્યાર્થીઓ ન હોવાથી નાગરીકોએ હાશકારો અનુભવ્યો હતો. જયારે ડ્રાઈવર ફસાઈ જતા ફાયર ટીમના જવાનોએ ભારે જહેમત બાદ ડ્રાઈવરને હેમખેમ બહાર નીકાળી સારવાર માટે લઈ ગયા હતા. આ અકસ્માતને પગલે ગાંધીનગરની સ્કુલબસ અને વાનના ચાલકો સામે ટ્રાફિક પોલીસ દંડનીય કાર્યવાહી કરે તો નવાઈ નહી.

મળતી વિગત મુજબ શહેરની શાળાઓમાં બાળકોને લેવા મુકવા માટે દોડાદોડ કરતી સ્કુલ બસ અને વાન ચાલકો પુરપાટ ઝડપે વાહન હંકારતા પણ નજરે પડે છે. વિદ્યાર્થીઓને બસમાં કે વાનમાં નિયમ પ્રમાણે બેસાડવાના હોય છે.

પરંતુ કેટલાક વાન ચાલકો વિદ્યાર્થીઓને ખીચોખીચ ભરતા હોય છે. નિયમનું ઉલ્લઘન કરતા ચાલકો સામે પોલીસ તંત્ર દ્વારા લાલ આંખ પણ કરવામાં આવે છે. ત્યારે હજુ થોડા દિવસ પહેલા ટ્રાફિક પોલીસ તંત્ર દ્વારા ટ્રાફિકના નિમયોનું પાલન કરી વાહનો હંકારવા માટે જણાવ્યું હતું. તેમ છતા સ્કુલવાન ચાલકો બેફામ ગતિએ વાહનો હંકારી નિર્દોષ બાળકોના જીવ જોખમમાં મુકે છે. ત્યારે આજે સવારના સમયે સરગાસણ થી તારાપુર જવાના માર્ગ પર બ્રિજના છેડા પાસે સ્કુલ બસના ચાલકે અચાનક સ્ટીયરીંગ પરનો કાબુ ગુમાવતા બસ ડીવાઈડરની જાળી અને લોખંડની એંગલો તોડી ઝાડ સાથે ધડાકાભેર ટકરાઈ હતી. સ્કુલબસનો અકસ્માત થતા નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા. પરંતુ બસમાં વિદ્યાર્થી ન હોવાથી મોટી દુર્ઘટના સર્જાતા રહી ગઈ હતી. જો કે બસના આગળના ભાગનો ખુડદો બોલાઈ ગયો હતો. જયારે બીજીતરફ ડ્રાઈવર બસમાં ફસાઈ જતા ફાયર ટીમના જવાનોએ આવીને ભારે જહેમત બાદ હેમખેમ બહાર નીકાળી સારવાર માટે લઈ ગયા હતા. જયારે સ્કુલ બસ લાલજી મેહરોત્રા લાયન્સ સ્કુલની હોવાનું સામે આવ્યું હતું. જયારે બનાવ અંગે પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.

# પાલજના શ્રીધર બંગ્લોઝમાંથી રૂ.૩.૭૬ લાખની ચોરી

ગાંધીનગર,તા.૭

ગાંધીનગરના પાલજ ગામની સીમમાં શ્રીધર બંગ્લોઝમાં બંધ મકાનનું તાળુ તોડી અંદર પ્રવેશી સોના-ચાંદીના દાગીના અને રોકડ મળી કુલ રૂ.૩.૭૬ લાખ મત્તાની ચોરી થવા પામી છે. બનાવ અંગે ચિલોડા પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગરના પાલજ ગામની સીમમાં શ્રીધર બંગ્લોઝ મકાન નં.૨૭ ખાતે રાહુલ સુરેશભાઈ વાઘેલા પરિવાર સાથે રહે છે.જયારે તેઓ નાના ચિલોડા ખાતે ચસ્કાબાર નામથી વેપાર કરી પરિવારનું ગુજરાન ચલાવે છે. ગત તા.૫ ના રોજ બપોરે આશરે સાડા ત્રણ વાગે રાહુલભાઈ અને તેમના પત્ની મકાનને તાળુ મારી અમદાવાદ સંબંધીને મળવા માટે સરદારનગર ખાતે ગયા હતા. જયારે બીજા દિવસે દહેગામ ખાતે આવ્યા હતા.તે સમયે સોસાયટીમાં રહેતા ગીરીશભાઈએ તેઓને ફોન કરી જણાવ્યું હતું કે તમારા મકાનના દરવાજાનુ તાળુ તુટેલ છે. જેથી તેઓ દહેગામ થી પાલજ શ્રીધર બંગ્લોઝ ખાતે તાત્કાલીક આવી પહોંચ્યા હતા. તેઓએ બંગ્લોઝ પર આવીને જોયુ તો દરવાજાનું તાળુ તુટેલ હોવાથી તેઓએ તેમના પત્નીને જાણ કરતા આવી ગયા હતા. દંપતિએ બંગ્લોઝમાં જઈ અંદર તપાસ કરતા બેડરૂમમાં સામાન વેરણ છેરણ પડ્યો હતો. જયારે કબાટના ડ્રોવર પણ તુટેલી હાલતમાં હતા. ઘરમાં વધુ તપાસ કરતા તસ્કરો કબાટમાંથી સાડા ત્રણ તોલાની સોનાની બંગડી નંગ-૨ કિં.૧.૮૦ લાખ, દોઢ તોલાનો સોનાનો સેટ નંગ-૧ કિં.૮૦ હજાર, દોઢ તોલાની સોનાની ચેઈન કિં.૮૦ હજાર, સોનાનું મંગળસુત્ર નંગ-૧ કિં.૨૪ હજાર, સોનાની બુટ્ટી નંગ-૧ કિં.૧૨ હજાર મળી કુલ રૂ.૩.૭૬ લાખના દાગીના ચોરી થવા પામી હતી. આ સિવાય પણ આ વિસ્તારની સોસાયટીના બંધ મકાનમાં પણ તસ્કરોએ હાથ ફેરો કર્યો હતો. બનાવ અંગે ચિલોડા પોલીસના વિશ્વસનીય સુત્રોએ જણાવ્યું કે શ્રીધર બંગ્લોઝ સિવાય પણ દાગીનાની ચોરી થવા પામી છે.જયારે અન્ય એક વદુ મકાનમાંથી અંદાજીત રૂ.૪૦ હજારની ચોરી થવા પામી છે.

# શહેરના સે-૨માંથી બાઈકની ઉઠાંતરી

ગાંધીનગર,તા.૭

શહેરમાં વાહનચોરીનો ઉપદ્રવ ખુબ જ મોટાપ્રમાણમાં વધ્યો છે. શહેરમાં આંતરે દિવસે વાહનચોરીના કિસ્સા સામે આવે છે. ઘર પાસે પાર્ક કરેલા વાહનો પણ સલામત રહ્યા નથી. ત્યારે પોલીસના સઘન પેટ્રોલીંગ વચ્ચે પણ વાહનચોરો પોલીસને પડકાર ફેકતા હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે શહેરના સેકટર-૨ બી પ્લોટ નં.૩૧૬-૧ સામે ખુલ્લી પાર્કિંગની જગ્યામાંથી એચ.એફ.ડીલક્ષ બાઈક ચોરી થતા સેકટર-૭ પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.મળતી વિગત મુજબ શહેરના સેકટર-૨ બી ખાતે સુરેશભાઈ અજમલભાઈ દેસાઈ (પ્લોટ નં.૩૧૬-૧) પરિવાર સાથે રહે છે અને બિલોદ્રા ગામે તલાટી કમ મંત્રી તરીકે ફરજ બજાવે છે. જેઓની પાસે તેમના ફોઈના દિકરાનું એચ.એફ.ડીલક્ષ બાઈક નં.જી.જે.૦૧.એમ.વાય.-૯૨૪૭ વર્ષ ૨૦૧૭ નું હતું. જયારે હાલ આરટીઓમાં બાઈક ગણપતલાલ કેશાભાઈ બારોટ (રહે ચાણકયપુરી કારગીલ પેટ્રોલ પંપની બાજુમાં)ના નામે છે. જયારે બાઈક ગત તા.૨ ઓગસ્ટના રોજ ફોઈના દિકરાએ ફરીયાદીને ચલાવવા માટે આપ્યું હતું. ત્યારબાદ ગત તા.૫ ઓગસ્ટના રોજ રાત્રીના ૧૧ કલાકે બાઈક સેકટર-૨ બી પ્લોટ નં.૩૧૬-૧ સામે ખુલ્લી જગ્યામાં પાર્ક કરી મુક્યું હતું. જયારે બીજા દિવસે સવારે પાર્ક કરેલી જગ્યા પર બાઈક ન હતું. જેથી ઘરની આસપાસ તેમજ સેકટરમાં બાઈકની શોધખોળ આદરી હતી. પરંતુ બાઈક મળી ન આવતા યુવકે રૂ.૩૦ હજારના બાઈક ચોરી અંગે ફરીયાદ નોંધાવી છે.

# ઓમલેન્ડમાર્ક સ્કૂલ ખાતે વૃક્ષારોપણ કાર્યક્રમ










એલ. આઈ. સી. ઓફ ઈન્ડિયા, ડિવિઝન ઓફિસ ગાંધીનગરદ્વારા ઓમ લેન્ડમાર્ક સ્કૂલ, મોટા ચિલોડાના વિશાળ પ્રટાગણ માં વૃક્ષારોપણ કાર્યક્રમ યોજાયો, જેમાં સુનિલભાઈ મહેતા, મેનેજર, એચ. ટી. પરમાર, ધર્મેશ જોષી, એચ. જી. રાવલ, એલ. આઈ. સી. ઓફ ઈન્ડિયા ના ઑફિસર અને ઓમ લેન્ડમાર્ક સ્કૂલ ના પ્રિન્સિપાલ, વિદ્યાર્થી અને ટ્રસ્ટી ની ઉપસ્થિતિ માં યોજાયો

## ખેલમહાકુંભ-૨૦૨૧ ગાંધીનગરમાં ગ્રામ્યકક્ષાના ૯૫,૯૬૫ અને શહેર વિસ્તારના ૩૧,૦૦૦ રમતવીરો જોડાયા

ગાંધીનગર, સોમવાર સરકારશ્રીના ભગીરથ પ્રયાસના ભાગરૂપે સ્કુલ લેવલે શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે આરોગ્યની તંદુરસ્તી જળવાઈ રહે તે ઉપરાંત યોગ્ય યુવા રમતવીર કૌશલ્યનું નિર્માણ થાય તે માટે શૈક્ષણિક પ્રવૃત્તિ સાથે રમત ગમતની પ્રવૃતિ માટે ખેલમહાકુંભ શરૂ કરવામાં આવ્યો છે. જેમાં વિજેતાને યોગ્યતા મુજબ સ્કુલથી માંડી રાજ્ય સ્તરે લઈ જવામાં આવે છે. તે માટે વિજેતાને યોગ્ય પ્રોત્સાહક રકમ પણ ચૂકવવામાં આવે છે. ગાંધીનગર જિલ્લામાં યોજાયેલ ખેલમહાકુંભ- ૨૦૨૧ દરમ્યાન યોજાયેલ વિવિધ પ્રકારની રમતગમત સ્પર્ધામાં ગાંધીનગર જિલ્લાના ભાઈઓ અને બહેનો મળી ગ્રામ્યકક્ષાના કુલ ૯૫,૯૬૫ અને શહેર વિસ્તારના ૩૧,૦૦૦ સ્પર્ધકોએ ભાગ લીધો હતો.



તસવીર: શૈલેન્દ્ર સોલંકી)

સે-૬ સ્થિત સરસ્વતી વિદ્યાલય ખાતે શહેરની ઝોન ડી કક્ષાની શાળાકીય રમત ગમતને અનુલક્ષી બેઠક યોજવામાં આવી હતી. આ દરમિયાન ઝોન ડી કક્ષાના પ્રમુખ, મંત્રી તેમજ સહમંત્રીની નિમણુંક કરવામાં આવી હતી. જેમાં પ્રમુખ તરીકે સે- ૭ સરદાર વલ્લભભાઈ પટેલ વિદ્યાલયના વ્યાયામ શિક્ષક કિરણભાઈ ચૌધરી , મંત્રી તરીકે સે- ૬ સરસ્વતી વિદ્યાલયના મફતલાલ એસ પ્રજાપતિ તેમજ સહમંત્રી તરીકે સે- ૩ એસ એસ વી સંકુલના વિક્રમભાઈ રાવલની વરણી કરવામાં આવી હતી. જયારે આ તબક્કે અગામી દિવસોમાં ઝોન કક્ષાના શાળાકીય રમતગમત મહોત્સવનુ આયોજન કરવાનો પણ નિર્ણય લેવામાં આવ્યો હતો.

# શહેરમાં મચ્છરજન્ય રોગચાળો બેકાબુ બન્યો

## સિવિલમાં ગત્ સપ્તાહે ડેન્ગ્યુના ૧૬૯ અને ટાઈફોઈડના ૮ કેસ નોંધાયા

ગાંધીનગર, તા.૭

હાલમાં ચોમાસાની સિઝનમાં મચ્છરજન્ય રોગચાળો વકરતો જોવા મળે છે. શહેરમાં ઘરે ઘરે બિમારીના ખાટલા જોવા મળી રહ્યા છે. ત્યારે શહેરની સિવિલમાં તાવ, ઝાડા-ઉલ્ટી, મેલેરીયા, ટાઈફોઈડ, કમળો સહિત ડેન્ગ્યુના કેસ વધુ જોવા મળી રહ્યા છે.

સિવિલ હોસ્પિટલમાં ગત સપ્તાહે ૧૬૯ કેસ ડેન્ગ્યુના અને ૮ ટોઈફોઈડના નોંધાયા હતા. ત્યારે શહેરને મચ્છરજન્ય રોગચાળો ધીમેધીમે અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. ત્યારે આરોગ્ય વિભાગ દ્વારા પણ મચ્છરજન્ય રોગચાળાને કાબુમાં કરવા કવાયત હાથ ધરવામાં આવી છે.

ગાંધીનગર શહેરમાં રોગચાળાની સિઝન ચાલી રહી છે. નાગરીકો વાઈરલ બિમારીનો ભોગ બની રહ્યા છે. એક ઘરમાં એક થી સભ્યો મચ્છરજન્ય કે પાણીજન્ય રોગચાળાનો ભોગ બનેલા છે. શહેરની સિવિલ સહિત ખાનગી દવાખાનામાં પણ દર્દીઓની લાંબી લાઈનો જોવા મળી રહી છે.

ત્યારે ચોમાસાની સિઝનમાં ઠેકઠેકાણે વરસાદી પાણી ભરાવાની સાથે ધાબા,અગાસી, ફુલ છોડ, કુલર, ફ્રીજ, કુંડા, સહિતના પાત્રમાં પાણી ભરાવાને પગલે મચ્છરોનું ઉત્પતિ સ્થાન થઈ જાય છે. મચ્છરોના પગલે આસપાસના વિસ્તારમાં મચ્છરજન્ય રોગચાળો વકરે છે. જયારે ચોખ્ખા પાણીમાં ડેન્ગ્યુના મચ્છરો ઉત્પન્ન થતા હોવાથી ડેન્ગ્યું રોગચાળો વધુ વકરે છે.શહેરમાં ડેન્ગ્યુ અજગરી ભરડો લઈ રહ્યો હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં સિવિલમાં જ ભાવિ તબિબો અને સ્ટાફના કર્મચારીઓ પણ ડેન્ગ્યુંમાં સપડાયા હતા. ત્યારે ગત સપ્તાહે સિવિલમાં ડેન્ગ્યુના ૧૬૯ કેસ સામે આવ્યા હતા. જયારે ટાઈફોઈડના પણ ૮ કેસ નોંધાયા હતા.ત્યારે તંત્ર દ્વારા મચ્છરજન્ય રોગચાળો અટકાવવા માટે ફોંગીગ અને દવા છંટકાવની કામગીરી શરુ કરી છે.




તાજેતરમાં અમદાવાદ મુકામે રાજ્યકક્ષાની રોલર એથ્લેટિક્સ ની સ્પર્ધા યોજાઈ ગઈ. જેમાં અલગ અલગ જિલ્લાના ૪૦૦ થી પણ વધારે ખેલાડીઓએ ભાગ લીધેલ. આસ્પર્ધામાં ૬ વર્ષથી નીચેના બાળકોથી લઈને ૧૭ વર્ષથી નીચેના બાળકોની સ્પર્ધા યોજવામાં આવી હતી.

આ સ્પર્ધામાં ઈનલાઈન સ્કેટ,કોડ સ્કેટ અને ટેનાસીટી સ્કેટની સ્પર્ધા અલગ અલગ વય જૂથ પ્રમાણે યોજવામાં આવેલ હતી. ભાઈઓ અને બહેનોની સ્પર્ધા અલગ અલગ કરવામાં આવેલ હતી.આ સ્પર્ધામાં ભાર્ગવ સ્કેટિંગ ટીમના ખેલાડીઓએ ખૂબ જ મહેનત કરી હતી તેનું પરિણામ તેમને આ સ્પર્ધામાં નંબર લાવીને મેળવેલ છે. જેઓના નામ નીચે મુજબ આપેલ છે.

# મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત શાળાઓમાં વૃક્ષારોપણનું આયોજન

ગાંધીનગર,તા.૦૭

ગૂજરાત વિદ્યાપીઠ સંચાલિત શારીરિક શિક્ષણ વિભાગ, સાદરાની રાષ્ટ્રીય સેવા યોજન એકમ દ્વારા મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અંતર્ગત વડાપ્રધાનનરેન્દ્ર મોદી દ્વારા લાલકિલા પરથી આપેલા પંચ પ્રાણનાં સંકલ્પ, પર્યાવરણને ધ્યાનમાં રાખીને વૃક્ષારોપણ કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રીય સેવા યોજના અંતર્ગત દત્તક લીધેલ ગામોની પ્રાથમિક શાળાઓ સાદરા પ્રાથમિક શાળા અને કલ્યાણપુરા પ્રાથમિક શાળામા કરવામાં આવ્યું છે. જેમાં પ્રાથમિક શાળાના લગભગ ૪૦૦-૫૦૦ વિદ્યાર્થી ભાઈ અને બહેનોએ




ભાગ લઈ રહ્યા છે. આ કાર્યક્રમ માટે ડીન ડૉ. જગદીશચંદ્ર સાવલીયાએ સ્વય સેવકોને યોગ્ય માર્ગદર્શનઆપ્યો હતો સ્વય સેવકો શાળાઓમાં જઈ ગાંધીજી દ્વારા આપેલા પર્યાવરણ સંદર્ભમાં કરેલા રચનાત્મક કાર્યો અને વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી દ્વારા આપેલા આહવાન મેરી માટી મેરા દેશ કાર્યક્રમ અને આઝાદીનાં અમૃત મહોત્સવ કાર્યક્રમની ચર્ચાની સાથે વૃક્ષારોપણનાં કાર્યક્રમ કરી રહ્યા છે વિશેષમા આ સંપૂર્ણ કાર્યક્રમમાં સંસ્થાના રાસેયોન સ્વય સેવક ચિરાગ ઓડ, પ્રતિક ભટ્ટ, ખંજન મકવાણા, નરેશ ઠાકોર, વિરલ ચૌધરી, યશ ચૌધરી, શામળ ડાભી, ચંદ્રભાન મકવાણાનાં નેતૃત્વમાં કરવામાં આવી રહ્યું છે. તારીખ ૯ ઓગસ્ટનાં દિવસે વડાપ્રધાન નરેન્દ્ર મોદી દ્વારા કરવામાં આવ્યું આહવાન પ્રમાણે વિશાળ વૃક્ષારોપણ કાર્યક્રમ ગુજરાત રાજ્યની ઉચ્ચ શિક્ષણની કચેરીના નિયામક ગુજરાત રાજ્ય એન એસ એસ અધિકારી પણ ઉપસ્થિત રહેશે. સમ્પૂર્ણ કાર્યક્રમનું સંચાલન અને આયોજન રાષ્ટ્રીય સેવા યોજના એકમના પ્રોગ્રામ ઓફિસર ડૉનીરજ સિલાવટ દ્વારા કરવામાં આવ્યું હતું

## સાર્વજનિક ગણેશોત્સવ સમિતિની 'બેસ્ટ સિંગર ઓફ ધ સિટી' સ્પર્ધાનું આયોજન

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગરની શ્રી સાર્વજનિક ગણેશોત્સવ સમિતિ દ્વારા ઉજવાતો ગણેશોત્સવ જે ગાંધીનગરનો સાચા શબ્દોમાં લોકઉત્સવ બનીને પાટનગરની સ્થાપનાકાળથી ઉજવાય છે. જે આ વખતે ૫૪મું વર્ષ ઉજવવા જઈ રહ્યું છે, જેમાં વિવિધ કાર્યક્રમોના ભાગરૂપે 'બેસ્ટ સિંગર ઓફ ધ સીટી-૨૦૨૩' ગાયન સ્પર્ધાના લોકપ્રિય કાર્યક્રમનું આયોજન કરેલ છે. કાર્યક્રમની વધુ વિગત આપતા અધ્યક્ષ નિશિત વ્યાસે જણાવ્યું હતું કે તા. ૧૯-૯-૨૦૨૩ થી તા. ૨૫-૯-૨૦૨૩ દરમ્યાન આ કાર્યક્રમ સે. ૨૨ના રંગમંચ પર યોજવામાં આવશે. શહેરના સંગીતરસીકોને માન આપી આ સ્પર્ધા મ્યુઝિક ટ્રેક/કેરીઓકે આયોજીત કરવાનું નક્કી કરેલ છે. આ સ્પર્ધામાં જણાવ્યાં મુજબ વયજુથનું આયોજન કરવામાં આવશે.

જેમાં ગ્રુપ-એ માં ૮ થી ૧૫ વર્ષ, ગ્રુપ-બી માં ૧૬ થી ૪૦ વર્ષ, ગ્રુપ-સી માં ૪૧ થી ૬૦ વર્ષ અને ગ્રુપ-ડી માં ૬૦ વર્ષથી વધુ વયના સ્પર્ધકો ભાગ લઈ શકશે. આ સ્પર્ધામાં વિશાળ સંખ્યામાં ભાગ લઈને કાર્યક્રમને સફળ બનાવવા પ્રોગ્રામ કોઓર્ડિનેટર ભરતભાઈ ગજ્જર (મો. ૯૬૬૨૦૨૩૧૩૫)એ સંયુક્ત અનુરોધ કર્યો છે.

સ્પર્ધા માટેનું પ્રવેશ પત્ર નીચેના સ્થળેથી વહેલા તે પહેલા ધોરણે મેળવીને પાછા તેજ સ્થળે તા. ૨૦-૮-૨૦૨૩ સુધીમાં સંપૂર્ણ ભરીને પરત કરવું આ સ્પર્ધામાં ઉપર જણાવ્યા મુજબની વયજુથમાં આયોજન કરવામાં આવેલ છે. સ્પર્ધાનું ફોર્મ મેળવવા મિનાક્ષી ટ્રેડર્સ, પ્લોટ નં. ૩૮૧, તૃપ્તિ પાર્લરની બાજુમાં, સે. ૧૬, ગાંધીનગર, ફોન નં. ૦૭૯ ૨૩૨-૩૩૩૯૯ ખાતે સંપર્ક સાધવો.

# રાંદેસણ મારૂતિ મેગ્નમ ફલેટ ખાતે ચોરીનો નિષ્ફળ પ્રયાસ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગરના રાંદેસણ વિસ્તારમાં મારૂતિ મેગ્નમ ખાતે એ.૨૦૨ ફલેટમાં ચોરીનો નિષ્ફળ પ્રયાસ થતા ઈન્ફોસીટી પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.મળતી વિગત મુજબ ગાંધીનગરના પાલજ સ્થિત જીત રેસીડેન્સી ડી.૧૦૪ મયુરકુમાર દલપતભાઈ રાણા પરિવાર સાથે રહે છે.જેઓ સ્ટેમ્પ ડ્યુટી વિભાગ-૧ પોલીટેકનીક અમદાવાદ ખાતે ડેપ્યુટેશન પર સર્વેયર તરીકે ફરજ બજાવે છે.જયારે ફરીયાદીના મોટાભાઈ અરૂણકુમાર દલાભાઈ રાણા હાલ બાડમેર રાજસ્થાન ખાતે મેડીકલ કોલેજમાં હેડ એન્ડ આસીસ્ટન્ટ પ્રોફેસર તરીકે ફરજ બજાવે છે. તેઓએ છુટાછેડા લીધેલા છે અને ત્યાં માતા સાથે રહે છે. જેઓએ રાંદેસણ મારૂતિ મેગનમમાં એ-૨૦૨ ખાતે મકાન વેચાણ રાખેલ છે જેમાં હાલ કોઈ રહેતુ નથી. જયારે માતા અને ભાઈ મહિનામાં એક કે બે વાર રજામાં રોકાવા માટે આવે છે. જયારે ઘરવખરીનો તમામ સામાન મકાનમાં વસાવેલ છે. આજે સવારે ફરીયાદી તેમના ઘરે હાજર હતા તે સમયે મારૂતિ મેગનમ સોસાયટી ખાતે આવેલા ભાઈના મકાનની સામે મકાનમાં રહેતા પાડોશી હેમંતભાઈએ ભાર્ગવનો રાત્રીના આશે પોણા ચાર વાગે ફોન આવ્યો હતો. તેઓએ જણાવ્યું કે આપણી સોસાયટીમાં ચોર આવ્યા છે અને તમારા ઘરના દરવાજાનું લોક તુટેલી હાલતમાં જણાય છે. જેથી બનાવની જાણ કરી ફરીયાદી તેમના પત્ની સાથે ઘરેથી તેમના ભાઈના ઘરે જવા માટે નીકળ્યા હતા.તે સમયે સોસાયટીના અન્ય સભ્યો તેમજ હેમંતભાઈ હાજર હતા. ફરીયાદીએ ભાઈના ઘરે જઈને જોયુ તો મુખ્ય દરવાજાની આગળ લગાવેલ લોખંડના દરવાજનું તાળુ તુટેલી હાલતમાં હતું. જયારે અંદરના દરવાજનું ઈન્ટરલોક પણ કોઈ બોથડ પદાર્થ વડે તોડવાનો પ્રયત્ન કર્યો હતો.પરંતુ ઈન્ટરલોક તુટ્યુ ન હતું. જેથી ફલેટ ચાવી થી ખોલી અંદર જઈ ચેક કરતા ઘરવખરીનો સામાન અને અન્ય સામાન સલામત હતો. ઘરમાંથી કોઈ ચીજવસ્તુ ચોરી થઈ હોવાનું જણાયું ન હતું. જેથી પાડોશી હેમંતભાઈને પુછપરછ કરતા તેઓએ જણાવ્યું કે ગઈકાલે રાત્રીના ૧૦ વાગે ઘરના દરવાજા પર લોક મારેલા હતા અને સલામત હતા. ત્યારે ચોર શખ્સોએ મકાનનું તાળુ તોડી ચોરી કરવાનો નિષ્ફળ પ્રયાસ કર્યો હતો. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે વધુ તપાસ હાથ ધરી છે.